"A WARNING WORD TO PARSEES."

ચોપા-ચાંપર "મુંબઈ સમાચાર" માં વગર આધારે થયલા હુમલાનો રદિયો.

"The totally dissimilar atmospheres of the two portions" (the Gathas and the later Avesta.)

"In the Gâthas all is sober and real.................. Let the Zendist study the Gâthas well, and then let him turn to the Yasts or the Vendîdâd; he will go from the land of reality to the land of fable. He leaves in the one a toiling prophet, to meet in the other a phantastic demi-god." *Rev. L. H. Mills. D. D.*

"In the eyes of the prophet they (Amesha Spentas) were no personages; that idea being imported into the sayings of the great master by some of his successors."

Dr. Haug.

રદિયો આપનાર

પદમ. શો. મ. મોદી.

(The Rast Goftar. Sunday, October 1, 1899.)

" M. Menant had great admiration for Zoroaster and his faith, and as has been noted by many papers recently, was almost a Zoroastrian himself. But this must be clearly understood that he admired the pure faith, singularly free from creed and dogma, which Zoroaster preached in ancient Iran in remote antiquity himself, and not the priest-ridden and adulterated system, a tissue of superstition and ignorance that was formulated out of it by his priestly successors, and which is current now among the people. He was a Zoroastrian of the Gathas and not of the Vendidad, that obsolete code so much put *en evidence* recently by interested parties. M. Menant's death is a great loos to French scholarship, which has suffered much recently. "

ખુલાસો.

“ **A Warning Word To Parsees** ” નામનાં હાલમાં પ્રગટ થયલાં ચોપાન્યાંપર “ મુંબઇ સમાચાર ” ના તા૦ ૧૩–૩–૦૦ ના અંકમાં “ દેલસુઝ ” તખલ્લુસ ધારણ કરી કોઇ શખશે એ ચોપાન્યું વાંચ્યાવિના વગર આધારે હુમલો કીધો હતો. તેની લખવાની ઢબપરથી સાફ માલમ પડેછે કે તેની અને “ મુંબઈ સમાચાર ” વચ્ચે કશો ફરક નથી, અને તેટલામાટે હવે પછી હું જેમી કાંઇ લખીશ તેમાં “ દેલસુઝ ” ને બદલે “ મુંબઇ સમાચાર ” શબ્દ વાપરીશ. એમ કરવાને મારી પાસે નીચલાં કારણો છે:-

૧. જ્યારે “ દેલસુઝ ” ના વિચારોની વીરૂદ્ધ કોઇ લખાણ કરેછે અને તેને “દેલસુઝ” જે જવાબ આપેછે તે બંને સામસામા પત્રો એકજ અંકમાં પ્રગટ થાયછે. દેખઇતું છે કે “ દેલસુઝ ” બહારનો લખનાર હોયતો સામા ધણીનું છપાયલું પત્ર વાંચ્યા બાદ જવાબ આપવા નીકળે.

૨. પોતાની વિરૂદ્ધનાં પત્ર માટે લખતાં “ દેલસુઝ ” કેટલીક વખત એમ જણાવેછે કે “ આજદીને હમોએ બીજા ભાગપર જે પત્ર પ્રગટ કર્યું છે તે ” વગેરે.

મજકુર ચોપાન્યાંપર “ મુંબઇ સમાચારે ” કીધેલા આ હુમલાનો જવાબ આપવા મેં એક ચર્ચાપત્ર લખ્યું હતું જે એ પત્રનાં તા૦ ૩૧–૩–૧૯૦૦ ના અંકમાં પ્રગઠ થયું છે. વળી મજકુર પ્રત્રના અધીપતીએ મારાં લખાણપર પોતાનાં ગજવામાંથી કહાડેલા કેટલાક અણઘટતા શબ્દોથી ભરપુર મથાળું કીધું હતું કે જે મેં આ ચોપાન્યાંમાં આપ્યું નથી કારણ કે એવી છુટ લેઇ બીજા લખનારાઓનાં લખાણસાથ ચેડાં કહાડવાનો એ પત્રને લેશ ભાર પણ હક અખત્યાર નથી.

જ્યારે આ બંને પત્રો પ્રગટ થયાં ત્યારે કેટલાક શખશો તેપર નુકતેચીની ચલાવવા લાગ્યા. "મુંબઇ સમાચાર" મારા પર અંગત ટીકાનાં બાણ છોડવામાં જરા પણ લજવાયું નહોતું. પારકાની નાહકમાં થતી નિર્લજ નીંદામાં જે શખશો પાપી મજાહ માની લેછે તેઓ "મુંબઇ સમાચાર"ની તરફેણમાં સખુનો બોલે તેમાં કશીપણ નવાઇ નથી. તેવા ગુલબુલ્યા બોલનારાઓને હું રતીભાર પણ વજન લાગુ પાડતો નથી. પણ અતરે જેઓ બંને પક્ષે ઉઠાવેલી જીકર અને તકરાર એક વખત વાંચી જઇ નુકતેચીની કરવા મેદાન પડે છે તેઓજ માટે બોલવા ઇચ્છુછું. જાણે પોતે શું એક પઢેલ ને કહરેલ હોય તેમ તેઓ ગંભીર ચેહેરા કરી, એકજવાર વાંચેલાં પત્રો માટે પોતાનું કાચું મત જાહેર કરવાને સેજપણ અચકાતા નથી.

ઘરબાર, ચાકરીધંધો, ક્રીકેતકલબ, યા સ્કુલ કૉલેજ એમાંની એક યા અન્ય બાબદના વિચારોથી તેમનું મન રોકાયલું હોય છે અને તેવી હાલતમાં એક પક્ષની તકરાર વાંચ્યા પછી બીજા પક્ષની તકરાર વાંચી રહ્યા કે તેઓ પોતાનું કામ પુરૂં થયલું સમજી તે બાબત પર વિચાર જાહેર કરવાને પોતાને પુરેપુરા લાયક થઇ ગયલા સમજે છે.

વાંચી રહ્યા પછી જુદી જુદી બાબદોપર એક પક્ષે આણેલી તકરાર અને દલીલોમાંની કેટલી તકરાર અને દલીલોનું સામી પક્ષે ખંડન કર્યુંછે તે જોવાને તેઓ રતી ભાર પણ તસ્દી લેતા નથી અને જેટલી બાબદોનો વિરૂદ્ધ પક્ષે જવાબ આપ્યો હોય, તે કેટલો માનવાલાયક છે તેની તેઓ કશી પણ દરકાર કરતા નથી. ભલે, એવી તસ્દી લેવા તેમને નહીં ભાવતું હોય તો કોઇ આડે આવતું નથી, પણ ત્યારે એટલું તો તેઓએ ધ્યાનમાં રાખવું જોઇએ કે "એક સુંઠને ગાંઠયે કંઈ ગાંધી નથી થવાતું" તેમ ઉપરટપકે વાંચી ગયા કે પોતાનું મત ઉચ્ચારવાને તેઓ પુરેપુરી લાયકાત ધરાવી શકતા નથી.

વળી જો એક પક્ષ બીજા પક્ષને માટે નાલાયક નીચ ટીકા ચલાવે છે અને સેજ ઝમકદાર ભાષા વાપરેછે તો તેઓ સામી પક્ષે આણેલી

તકરારનું 'તોલ કર્યા વિના તેવા લખનારાઓ તરફ દેખતી આંખે આંધળા બની બેધડક દોરવાઇ જાય છે.

એવા શેખચલ્લી શીલસુફો વળી બીજા અપટ અડબંગોમાં પોતાના ઝેરી વિચારો ફેલાવતા ફરેછે પણ જ્યારે તે બેખબર બુઅખો વિચારવંત વાંચકવર્ગ સનમુખ જઇ પહોંચે છે અને તેમની સાથ તકરારનાં મેદાનમાં ઝોંકાવે છે ત્યારે તે બંને પક્ષની તકરારનું તોલ વાજબી રીતે કરનારની દલીલ આગળ, તેઓએ રેતીના ઢગપર ઉઠાવેલો કાલા કલંકનો કીલ્લો ખુદ પાયામાંથીજ લચી જઈ એક લેહજામાં જમીનદોસ્ત થાય છે.

જેઓને પોતાના મજહબનું નહીં કશું જ્ઞાન, જેમને તેની તવારીખનું નહીં કંઇ ભાન, જેઓ તેનાં મુલતત્વોથી કેવળ અજ્ઞાન, જેઓ તેના કકા ખખા વગેરેથી અંજાણ, તેવા અજ્ઞાન બેખબરાઓ, તેવા પોચાં ભેજાનાં પપેટાઓ. તેવા ખાલી ઘોંઘાટ કરનારા ધામધુમ્યાઓ, જ્યારે ધર્મના ઉપાધ્યા થઇ ધર્મોપદેશ કરવા મેદાન પડે છે ત્યારે તેમના પર ગુસ્સો અને દયા ઉપજ્યાવિના રહેતાં નથી; ગુસ્સો એટલામાટે કે જે પવિત્ર, બુલંદ અને સાચ્ચો મજહબ આજથી હજારો વરસપર પ્યારા પેગમ્બર જરથોસ્તે જેહાનનાં લોકની રેહનુમાઇને માટે જાહેર કીધો તે સાથ તે નામદારથી હજારો બલકે લાખો દરજ્જે ઉતરતા લખંનારાઓનાં લખાણો ભેલી તે નામદારને અપમાન કરે છે; દયા એટલા માટે કે ધર્મસંબંધી જ્ઞાનની ગેરહાજરીમાં નીરંગ જેવી એક નાપાક અને નજીસ ચીજથી તેઓ પોતાને પવિત્ર થયલા સમજે છે, ગુજરેલાં પાછલ બાજરોજગારનાં અછડા પછાડામાં, મહોલ્લે અને શેરીએ ચપટાંનાં તપીલાં અને મીઠાઇના ખુમચા વહેંચવામાં અને બેહરામ, ફરવરદીન, મેહેર વગેરે યષ્ટોના લાંબા કરદા પોપટની માફક બબરી જવામાંજ તેઓ પોતાનો મજહબ આવી રહેલો સમજે છે.

ધર્મને નામે થતાં ઉપર કહેલાં બેવકુફીભર્યા ધતીંગો પેગમ્બરનાં ફરમાનો તરીકે સમજી, અને બીજા ધર્મોની કેતાબો વાંચી કેટલાક શખસો જરથોસ્તી ધર્મ તજી વટલી જાય તેમાં નવાઈ જેવું કાંઇ નથી. તેઓને

ધર્મની કેળવણી મલેલી નહીં હોવાથી અથવા જો મળી હોય તો તે વહેમી રસમો અને રેવાજોથી ભરપુર હોવાથી, તેઓ પોતાનાં મનમાં વિચાર કરે છે કે આ પારકા ધર્મમાં કેવું સરસ છે. સાચું બોલવું, ખુદાનો ડર રાખવો, પ્રમાણીકપણે રહેવું વગેરે ફરમાનો આપેલાં છે, જ્યારે આપણા ધર્મમાં તો આવાં વહેમી બેવકુફીઇ ભરેલાં કામો છે.

જણાવવાની જરૂર જોઊંચ્યુ કે આ ચોપાન્યામાં આપેલાં મારાં પત્રો અશો જર્થોસ્તના ધરમમાં પાછલથી દાખલ થયલા બીગાડાની સામે બાથ ભીડનારાં છે જુદા જુદા જમાનામાં જરથોસ્તી મજહબની હાલત કેવી થઇ પડી હતી અને જરથોસ્તી મજહબ પાળનારાઓ એ મજહબને નામે કેવા કઢંગા રેવાજો અને રાહરસમોને વળગી રહ્યા હતા તે બતાવી આપનારાં મારાં પત્રો છે. પણ એ ઉપ્રાંત એને લગતી બીજી બેશુમાર બાબદો કે જે સઘળી એકજ ચર્ચા પત્રમાં લખી કોઇ પત્રની કટારોપર દરોરો લેઇ જવો હું દુરૂસ્ત ધારતો નહીં હોવાથી મારૂં ચર્ચાપત્ર લખતી વેળાએ તે સઘળી બાબદો મેં મુલતવી રાખી હતી.

અગરજો સખુન દરાજીના એકજ ઝટકામાં, બેતબાજીના એકજ મેસરામાં યા કલમના એકજ ગોદામાં આ વિશાળ વિષય ને ઇનસાફ આપી શકતો હતે તો આ પત્રો ભેગીજ તે બ્હોળી બાબદને પણ આ નાનકડાં ચોપાન્યાંમાં સમાવી દેવાની સોનેરી તક હું કદી ખોહતેજ નહીં. આ કારણસર કોઇ વર્તમાનપત્રની કૉલમોના દરવાજા ઠોકવા જવું પડે એવું હોવાથી, મજકુર બાબદને એક યા અન્ય આકારમાં કેવી રીતે જેહાનની રોશની જોતી કરવી તે બાબે કેટલાક મારા માનવંત મિત્રો ભેગો હું વિચારનાં વમળમાં વીંટલાયલોજ છુ.
મુંબઇ ખેતવાડી બૅકરોડ તા૰ ૧૧ મી એપ્રીલ ૧૯૦૦

લા૰ પદમ સો૰ મ૰ જોશી.

તા. ક.—હું એટલુંજ વધુ જણાવીશ કે આ પત્રવાલાએ ઘણા પાર્સી શઠયાઓ કે જેઓ એ પત્રના કૉનગ્રેસ પક્ષને લગતા વિચારો સાથ

નથી મલતા યતા તેમના વિરૂદ્ધ લખવાનું ચાલુજ રાખ્યુંછે. એટલુંજ નહી પણ શેઠ ખ. રૂ. કામાનાં ભાષણને એ પત્રવાલાએ "મખ્યાલનાં પેંદ્યુલમની માફક આમથી તેમ ડોલા ખાતું" જણાવ્યું છે. વળી એરવદ જીવનજી મોદીનાં ભાષણને " નાસ્તીકપણા તરફ દોરનારૂં " એ પત્રવાલો જણાવે છે રાસ્તગોફ્તારના મદદનીશ અધીપતી મી૦ પાલનજી બરજોરજી દેસાઇને અવરતાનાં લખાણોમાં સમાયલી ફીલસુફી નહીં સમજી તેથી "સુગાઇ ઉઠેલા " એ પત્રવાલો જણાવે છે. નરોજ કમીટીના ઑ૦ સેક્રેટરીઓ અને સભાસદો વીરૂદ્ધપણ એ પત્રવાળાએ કંઇ ઓછું નથી લખ્યું. **જ્યારે આ સઘળા ગ્રહસ્થોપર એ પત્રવાળાએ તરેહ તરેહનું બોલવું ચાલુ રાખ્યું છે ત્યારે મારા જેવા એક અદના શખશ માટે એ પત્રવાલો વિરૂદ્ધ બોલી અંગત ટીકાનાં બાણ છોડે તેમાં અચરત થવા જેવું કશું નથી.** વળી દરેક ખરી કે ખોટી બાબદમાં ફકત એકજ પક્ષનું ઢોળ વગાડવાની એ પત્રએ રૂઢી અખ્ત્યાર કીધીછે. દાખલા તરીકે નવાં આતશબેહરામ સામે મરહુમ દસ્તુર પેશોતન સંજાનાએ જે ચોપાન્યું કહાડી એવો વિચીત્ર ફત્વો આપ્યો હતો કે આખાં હીંદુસ્થાનમાં એક નાકેથી બીજે નાકે વેર જે મરકી ફેલાઇ તે આઠમું આતશબેહરામ બંધાવાને લીધેજ્રે (!) ત્યારે મજકુર મરહુમ દસ્તુરના આ ફત્વા સામે એ પત્રવાલાએ એક સખુન પણ કહાડયો નહોતો પણ નવાં આતશબેહરામ વિરૂદ્ધનાં લખાણો તે ધમધોકાર પ્રગટ કર્યો જતો હતો. આઉપરથી માલમ પડેછે કે એક બાબદ હાથ ધરી તો તેને પુરે પુરો ઇનસાફ આપવો એ ઉમદા કાનુનથી મજકુર પત્રનો અધીપતી બેખબર હોવો જોઇએ. એ પત્રવાલાએ મારાં ચર્ચાપત્રનો જવાબ આપવાની જે પોકલ કોશેશ કીધી અને લુલો બચાવ રજુ કીધો તે બતાવી આપનારૂં મારૂં પત્ર મજકુર ઉમદા કાનુનથી પોતે બેખબર હોવાથી તેણે પ્રગટ નહીં કીધું જે આગળ ચાલતાં વાંચનાર જોશે.

(મુંબઇ સમાચાર તા૦ ૩૧ મી માર્ચ ૧૯૦૦.)

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—જત તમારા ગઇ તા૦ ૧૭ મી ના પત્રમાં મી૦ "દેલસુઝે" હાલમાં પ્રગટ થયલાં એક ચોપાન્યાંપર જે નુકતેચીની ચલાવી છે તે બાબે નીચલો ખોલાસો પ્રગટ કરવાની મેહેરબાની કરશો.

તમારા "દેલસુઝ" તે આરટીકલનાં મથાળાંપર લખેછે કે "પેગમ્બર સાહેબના વિદ્વાન સાગેર્દો અને જાયનશીનો તેમજ આગળા૦ પાદ્દશાહો ઉપર કરેલો બહુ હલકો હુમલો." પણ એ ચોપાન્યામાં ખુદ જર્થોસ્ત સાહેબ યા તેઓના પોતીકા વિદ્વાન શાગેર્દો બાબે એક બોલ પણ વિરૂદ્ધ લખ્યો નથી. જે સઘળું લખ્યું છે તે પેહેલવી દસ્તુરો કે જેઓ અશોજર્થોસ્તના સખુનો સમજવાને કેવળ અશક્ત હતા અને જેઓ પારકા ધર્મ, આચાર, વીચારથી અંજાઇ ગયા હતા તેઓ બાબે લખ્યું છે એ ચોપાન્યાના લેખનારે જે "Athravan priests of yore" લખ્યું છે તે અજ્ઞાન પેહેલવી દસ્તુરોને લાગુ પડે છે અને નહી કે જામાસ્પ,ફ્રેરષઓસ્ત્ર અને કવા વીશતાસ્પા જેવા જર્થોસ્તના ચેલાંઓને વળી એમાં જે માજી ટોળાને વખોડી કહાડયો છે તે એસીરયન, મીડ્યન, હખામની, પાર્થ્યન, અને સાસાની જમાનામાં જર્થોસ્તી ધર્મગુરૂઓ હોવાનો ખોટો દાવો કરનારા માજી લોકોને માટે છે. મજુસ લોકો જર્થોસ્તથી વખણાયલા હતા તેની સાબેતી ગાથામાંથી આપવા જતાં મી૦ "દેલસુઝે" જે ફકરો ટાંકી બતાવ્યો છે તે બરાબર ઉતારયો નથી. એટલુંજ નહી પણ તેના તરજુમો પેહેલવી દસ્તુરોને આધારે કરવામાં એવણે સજ્જડ થાપ ખાધી છે. જે પેહેલવી તરજુમો કરનારા દસ્તુરોંએ ભયંકાર ભુલો કરેલી તેમને પગલે ચાલવા જતાં એવણ એટલુંમી જોઇ નથી શકતા કે "મગવ" અને "મગ" એ જુદા જુદા શબ્દો છે. વળી "મગાઇ" ભાવવાચક નામ abstract noun અને એક વચનમાં છે જ્યારે માજીઓને માટે કાંઇપણ લખાય તો તે બહુવચનમાં જોઇયે એટલુંજ નહી પણ સામાન્યનામ (common noun) વાળો શબ્દ જોઇયે. વળી મજોઇ જે ચોથી વીભક્તીનું

વિશેષણ છે તેનો અર્થ "મોટું" અથવા "નામદાર" થાય છે પણ એવણ તેને બીજી વીભકતી અને ભાવવાચક નામ (abstract noun) લેખી તેનો અર્થ "નામદારી" કરે છે.

પરંતુ વિદ્વાન દા૦ હાઉગ અને જરમન દા૦ એદૉલ્ફ્ રૅપ માજીઓ બાબે એશારો કરનારા ફકરાને ગાથામાં પાછળથી ઘુસી ગયલા ધારે છે. પણ એકબારગી એમ કબુલ નહીંબી કરયે તે છતાં જર્થોસ્તી મજહબની તવારીખપરથી આપણ જાણ્યે છીયે કે જુદા જુદા જમાનામાં જર્થોસ્તી મજહબ પાળવાનો ફાંકો રાખતા ઈરાનીઓ ઘણાં તડાંમાં વહેંચાઈ ગયા હતા. અને તેમના ધર્મગુરૂઓ મગુને નામે પોતાને ખોટી રીતે ઓળખાવતા હતા કે જેમ આજના "થીઓસોફીસ્તો" પોતાને માટે આ ઉપલો "થીઓસોફીસ્ત" શબ્દ વાપરીને પોતાને ખોટી રીતે ખુદા શનાસમાં ખપાવવા માંગે છે. જર્થોસ્તના વખતમાં ધર્મગુરૂઓ એકબારગી મગુસને નામે ઓળખાતા હોય તેથી કંઇ એમ નથી ઠરતું કે પાછલા જમાનાઓમાં "મગુસનો" એલકાબ ધરાવનારા પોતાને કામે પણ જર્થોસ્તના વખતના ધર્મગુરૂઓ જેવાજ હતા ઇ૦ સ૦ પુ૦ ૨૪૫૮ થી ઇ૦ પુ૦ ૨૨૩૪ સુધી બૅબીલોનમાં જે આઠ શખસો રાજ કરી ગયા તેઓ સઘળા નામે જર્થોસ્ત હતા પણ કંઇ કામે હાબહુબ જર્થોસ્ત જેવા ન હોતા; તેજ પ્રમાણે પાછલા વખતના ધર્મગુરૂઓ "માજી" નામે ઓળખાતા હતા તેથી કંઇ એમ નહી કહેવાય કે તેઓ કામે અને લક્ષણે પણ અસલના માજીઓ જેવા હતા જો પાછળા વખતના દસ્તુરો કાબેલ અને વિદ્વાન હતે તો "સ્પેન્ત મઇન્યુ" અને "અંઘ્રમઈન્યુ" ની ઉત્તમ ફીલસુફી બાબે તેઓ ગાથાનો પેહેલવી તરજુમો કરવામાં ગંભીર ગોથાં નહીજ ખાતે. તેમજ વંદીદાદની પડેલી પરગરદમાં પણ એવી ગંભીર ભુલ નહીજ કરતે. વળી "ખેતુદથ" બાબે એ દસ્તુરો એવાં તો કઢંગાં લખાણો દીનકર્દ અને બીજી પેહેલવી કેતાબોમાં કરી ગયા છે કે જે વાંચતાં કમકમાટ ઉપજે છે. દા૦ કેસરતેલી પોતાની સાસાની જમાનાની ફીલસુફીવાળાં પુસ્તકમાં એ બાબે એક આખું પ્રકરણ રોકી જબરી મુજાહેમત ચલાવે છે. અજ્ઞાન પેહેલવી દસ્તુરોના તે અંધારા જમાનાની આવી

આવી ઘણી સાબેતીઓ મજબુત દલીલો સાથે મારી પાસે મોજુદ છે, હોમ યશ્તને તમારા "દેલસુઝ" વજન લાગુ પાડે છે. પણ એવણ ભુલી જાય છે કે હોમ યાને સોમનો રસ પીને છાકટા થઇ તે હાલતમાં હોળીનાં ભાંડયાંઓની માફક ભાંડનારા કીકો, કરપો અને કવીઓને જર્થોસ્તે ધીક્કારી કહાડયા હતા, તે છતાં પાછળા જમાનાના દસ્તુરોએ જર્થોસ્તની આગમ-જનો મજહબ પાળનારાઓને રાજી રાખવા અને તેમની સાથ છુટછાટ મુકી પાછા એક થઇ જવાને એ હોમની સીફતમાં યજશ્તેના ૯ મા અને ૧૦ મા હાની રચના કીધી.

મી૦ "દેલસુઝ" પાછળા વખતના અવસ્તામાંથી સાબેતીને માટે ફકરા ટાંકે છે તે બાબે હું એટલુંજ જણાવીશ કે જ્યારે એ ચોપાન્યું લખનાર ગ્રહસ્થ પાછળા અવસ્તાને મારી માફક જર્થોસ્તની અવ્વલ શીખવણીના કાનુનોથી વીરૂદ્ધ હોવાથી ખોટા માને છે, અને જર્થોસ્તના યા તેની દીનની ફીલસુફી બરાબર સમજનારાઓને હાથે એ લખાયલા નથી એમ સાફ ધસીને કહે છે ત્યારે તેમાંથી ફકરાઓ ટાંકી અમારી ખાતરી કરવાની આશા રાખવી મીથ્યા છે.

હું જાણું છું કે "થીઓસોફીસ્તો" ને એ ચોપાન્યું લખનાર ગ્રહસ્થ ઘણાજ નાપસંદ કરે છે અને જરથોસ્તી મજહબથી ઉલટાં ફર માનો ટેકવી રાખનારા તરીકે તેમને જાહેર કરે છે. પરંતુ આંખ મીચીને મી૦ "દેલસુઝ" બહુજ ઉતાવળા પડી જઇ એ ચોપાન્યાંના વીદ્વાન લખનારને વગર આધારે થીઓસોફી પંથને લગતા જાહેર કરે છે. મી૦ "દેલસુઝ" સારી પેઠે જાણીતા હોવા જોઈયે કે એ ચોપાન્યાંના લખનારે તમામ યઝદો અને ફરેસ્તાઓની આરાધના તો શું પણ હસ્તી વટીક સ્વિકારવા સાફ ના પાડી છે, જયારે બીજા હાથપર "થીઓસોફીસ્તો" પેલી દુન્યાના ફરેસ્તાઓ ઉપરાંત આ દુન્યાના કેટલાક શખ્સોને "મહાત્મા ગણી ફરેસ્તા કરતાં પણ ચહડતા ગણે છે, આ બાબતમાં એ લખનાર અને "થીઓસોફીસ્તો" કેટલા વીરૂદ્ધ મતી છે તે તમારા લખનારે જોયુંજ નથી. વળી એ ચોપાન્યાંમાં કંઈ "આત્મબુદ્ધી" કે "કર્મ બુદ્ધી" જેવા કોઈ શબ્દો પણ આવે છે કે તમારા લખનાર બરાબર વાંચ્યા વગર એમ લખવા બેઠા?

અરદ્વીસુર અનાહીત જેવી દેવી કોઇ પણ પ્રજામાં જર્થોસ્તના યા તેની આગમજના વખતમાં કલ્પાયલી હતીજ નહી. એ દેવી તો એસીરયનોની સાબેત થઈ છે કે જેમનાપરથી એ રાજની ઝુસરી તળે ઈરાનીઓ આવવાથી નકલ થઇ છે. વેદ અને પાછળા અવસ્તામાં આવતા યઝદો અને દેવતાઓ એક એક સાથ સરખાવી શકાશે. અનાહીત દેવીનું નામ મુદ્દલ હીંદુ ધર્મ પુસ્તકોમાંથી મળતુંજ નથી અને જ્યારે આપણ એસીરયાની તવારીખપર નજર ફેંકયે છીયે ત્યારે આપણને માલમ પડે છે કે ઈ૦ સ૦ પુ૦ ૨૦૦૦) બે હજાર વરસપર એ દેવીની ઘણીજ નીતીભ્રષ્ટ આકારમાં ધુમ પુંજા થતી હતી. હું મી૦ "દેલસુઝ"ને Five Great Ancient Monarchies તથા ઉગમણુ તરફની છઠી અને સાતમી મોટી શેહેનશાહતો તથા દા૦ એદૉલ્ફ રૅપના પુસ્તકો વાંચવાની મજબુત ભલામણ કરૂં છું. જો તે પુસ્તકો એવણે વાંચ્યાં હતે તો આવી ગંભીર ભુલો એવણ નહી કરતે. હવે જો જર્થોસ્તના વખત આગમજ યા તેના વખતમાં અરદ્વીસુર અનાહીત નામની દેવી કલ્પાઇજ નહી હોય તો જર્થોસ્ત તેની આરાધના કેવી રીતે કરી શકે અને હોરમઝદ જર્થોસ્તને નેક રાહે ચલાવવા માટે અરદ્વીસુર પાસથી મુરાદ કેમ માંગે? પણ આ તો તવારીખી શહાદત થઇ. હવે તો મી૦ "દેલસુઝ" શું કહે છે તે તપાસ્યે. અરદ્વીસુર યષ્ટમાં હોરમઝદે અરદ્વીસુરની આરાધના કીધી એવું લખાણ જે આવે છે તે શું મી૦"દેલસુઝ" મુજબ "અહુરમઝદને હલકું લગાડવામા આવ્યું નથી?" હોરમઝદે અરદ્વીસુરની આરાધના કીધી અને અરદ્વીસુરે તેને તેની માંગી મુરાદ બખશી, એનો અર્થ જેમ મી૦ "દેલસુઝ" કરે છે તેમ પાણીના અખ્તરા કરવો" એમ બહાલ રાખ્યે તો પછી ત્રાંબાનો સીકકો સોનાના સીક્કા તરીકે બહાલ રાખી ચલાવી શકાય: તમારા "દેલસુઝ" લખે છે જે આવાં પસ્તના ૮૫) માં ફકરામાં હોરમઝદને આવાં યઝદપર સરદારી આપી છે, ત્યારે હું પુછું છું કે એક આગળા ફકરામાં હોરમઝદને આવાં યઝદની આરાધના કરતો ચિતારયો છે એ બે ઉલટાસુલટી અને એકમેકથી વીરૂદ્ધ ફકરાઓ આવાં યષ્ટના લખનારનું ગ્નાન કેટલું કોતાહ અને તેની મગજ શક્તી કેટલી ડામાડોળ હતી તે ખોલ્લે ખોલ્લું બતાવી

આપે છે. અરદ્વીસુર યષ્ટમાં "અલંકારી" શું છે તે તમારા લખનારે બતાવી આપવું જોઈએ. શું સો જુવાન ઘોડા, હજાર ગાય અને દશ હજાર ગોસ્પંદોનો ભોગ આપીને કેટલાક શખ્સોને આવાં યઝદને આરાધતા દોરી બતાવ્યા છે તે "અલંકારી" ફકરાઓ કે? તમારા લખનારે તે બાબત કેમ પડતી નાંખી છે તે સમજવું સેહેલ છે. અનાહીત દેવીને કામે, રૂપે, અને વર્ણને મળતી બીજા મુલ્કોની મીલીટ્રા દેવી સાથ વીડવાનો હાબહુબ સરખાવે છે. જો તમારા "દેલસુઝે" એ બાબે વધારે જાણવું હોય તો Lamprier ની Classical Dictionary માં Anaitis બાબે શું લખ્યું છે અને તવારીખને આધારે તેનું જે વર્ણન આપ્યું છે તેપર એક સાબુત નજર ફેંકવી. અરદ્વીસુરની આ મુજબ ધુમ આરાધના થઈનેજ અટકી રહ્યું ન હતું, પણ કામ એટલે સુધી બેહકયું હતું કે હખામનની વંશના પાછળા પાદશાહોના વખતમાં અને અસ્કાની પાદશાહોના અમલ દરમીઆન એની મુરતી બનાવવામાં આવતી હતી, અને તેમા જર્થોસ્તી મજહબ પાળવાનો ખોટો ફાંકો રાખનારા તે પાદશાહોનો હાથ વટીક શામેલ હતો. વળી અરદ્વીસુર યષ્ટમાં એ દેવીનું જે વર્ણન આપ્યું છે તેપરથી કોઈ એવો સાર કહાડી શકેજ નહી કે એ પાણીની દેવી છે. આ વર્ણન અરદ્વીસુરની મુરતીનુંજ હોવું જોઇયે. અગર જો તેમમાં નહી હોય અને તે જમાનાની સ્ત્રીઓનો પોશાક તે દર્શાવતું હોય તોએ એ વર્ણનપરથી એમ માલુમ પડે છે કે બીજા ફરેશ્તાઓ માફક એને માજીઓ રૂહાની અને ગેમા નહી ગણતાં માણસાઈ આકાર ધરાવનારી દેવી તરીકેજ ગણતા હતા. તે વર્ણન નીચે મુજબ છે "તેણી એક જવાન અને રૂપાળી સ્ત્રી છે અને ઘણી હીમ્મતવાન હોવા ઉપરાંત ખીલેલા બાંધાની છે. તેણીનું કદ સીધું અને દીલ તેજવાળું છે. ઉચાં વસ્ત્રોથી તેણી સજ થઇ છે. અને તેણીનો પોશાક "બીવર" જાનવરનાં ૩૦) ત્રીસ ચામડાંનો બનાવેલો છે. એ ચાંમડાં અટાપટાનાં અને પ્રકાશ આપે એવાં છે. એ ઉપરાંત અરદ્વીસુરે "અતક" નામનું સોનેરી દેખાવનું વસ્ત્ર પેહેરયું છે. ૧૦૦) સો સેતારાઓથી મઢી લીધેલું ૮) આઠ દાતાંવળું બપકાદાર તાજ પેહરેલું છે અને તેના ઉપર ગાડાનુ ચિત્ર પડયુ છે, અને તે ગાડાની ઉપર એક નાનો

વાવટો ફડફડ ઉડે છે. વળી તેણીએ કાનમાં ઝુલતી ચોરસ બાલી લટકાવી છે. અને ગળામાં સોનેરી કંઠી પેહેરી છે. બંને પગોમાં ગુંઠણ જેટલાં ઉંચાં મોજાં પેહેરયાં છે. તેણીએ પોતાની કમર એવી ઢપની તંગ બાંધી છે કે જેથી તેણીની છાતી આગળ ખીલી નીકળી તેણીની ખુબસુરતીમાં વધારો કરેછે*" આ સઘળુ અરદવીસુરનું આવાં યષ્ટમાંઆવતું વર્ણન છે.

"દેલસુઝ"કબુલ કરે છે કે અરદવીસુર યષ્ટ રચનાર જુદો હતો ત્યારે હું સવાલ પુછું છું કે બીજા ગમે તે ભળતા લખનારનાં લખાણો સાથ આપણને શું સ્નાનસુતક? આપણોવહાલો પેગંબર શું કહી ગયો છે? અને તેનું શિક્ષણ અને ફરમાન શું છે તે સાથેજ આપણને લાગેવળગે છે. દરેક આદમી પોતાનાં મગજના ફાંટા પ્રમાણે જે ગમે તે જુદા જુદા જમાનામાં લખી જાય તે સઘળુ માનવાને અને કબુલ કરવાને શું આપણ બંધાયલા છીયે કે? ધર્મની બાંહેધરી અને પેગમ્બરનાં નામના ઓઠાં તળે જેમ આજના પારસી થીઓસોફીસ્તો પાકા ધર્મનો તેમજ પોતાના મનના ફાંટાનો ભેલ જ-થોસ્તી ધર્મમાં કરવા માંગે છે તેમ તે જમાનાના દસ્તુરો પણ કરી ગયા છે, એવું જો તમારા "દેલસુઝે" જાણવું હોય તો ધર્મ સંબંધી બાબ-દોમાં જરાજરામાં તકરારનાં મેદાનમાં ઉતરી પડવા પેહેલાં તે વિદ્વાન અને બાહોશ યુરોપના આલમાઓ કે જેઓ એકીટગરે દોઢડઝન ભાષાપર કાબુ ધરાવે છે અને જેઓ પોતાનાં તવારીખી અને ફીલસુફી ગ્નાનનાં બળે અને કુશળતાનાં કઉવતે યુરોપખંડને ધ્રુજાવે છે તેમનાં પુસ્તકો ઉપરટપકેથી નહી વાંચતાં બારીક બીન નજરથી વાંચતાં એ ચોપાન્યું લખનાર વિદ્વાન પારસી ગ્રહસ્થે કશી પણ "સોખાઇ"

---

* આ વાક્ય મેં મોગમમાં રાખ્યું હતું, પણ તેનો બોલેબોલ અર્થ આપવો મને વધુ દુરસ્ત દીસે છે કારણ કે તેથી આવાં યષ્ટને એક પવિત્ર ભણતર ગણી તે ભણનારા પારસીઓની જાણમાં આવે કે વગર સમજે તેઓ કેવાં કેવાં વાકયો ખુદાની બંદગી તરીકે ગણી ભણે છે: તે વાકય આ છે:—"તેણીએ (અરદવીસુરે) પોતની કમ્મર તંગ બાંધી છે કે જેથી તેણીનાં બંને થાનો સુંદર દેખાવનાં અને નવાં ઉગલાં હોય એવાં લાગે છે."

કીધાં નથી પણ પોતાના પ્યારા પેગમ્બરની નીર્મળ નેમ અને ખરી ખાહેશથી ઉલટા ફત્વા આપનારા, પાછલા અવસ્તા જોડનારાઓને બાપોકાર વખોડી કહાડયા છે.

હું બાંગેબુલંદ અવાજે પુર હીમ્મતથી કહું છું કે ગાથામાં યઝદ અમશાસ્પંદો બાબે એશારો વટીક નથી. ત્યાં જેમી કાંઇ આવ્યું છે તે મનસ્થ છે. એ બાબે દા૦ હાઉગ પોતાના નિબંધોમાં નીચે મુજબ કહે છેઃ—

"They (Amesha Spentas) are.........nothing but abstract nouns and ideas, representing all the gifts which Ahura Mazda, as the only Lord, grants to those who worship him with a sincere heart, by always speaking truth and performing good actions. **In the eyes of the prophet they were no personages; that idea being imported into the sayings of the great master by some of his successors.**

જે ધર્મી માણસ વિચાર, વચન અને કામમાં સાચો, શુરો અને ભલો હોય છે તેને તે કરીમેકારસાજ નીચલાં છ ઈનામો કે જે તેની પોતીકી ખાસીયતો અને ગુણો છે તે બખશે છે, કે જે ઇનામો સ્પીતમ અને હએચત અસ્પાનાં ખાનદાનના ઝરથુસ્ત્રે પણ પોતાના જાહેર કીધેલા એકલા એક અહુરમઝદાને પોતાપર બખશવાને અરજ કીધી હતી. અહુરમઝદી ગુણોની તે બખશેશો નીચલી છે. ૧) નેકમન (વોહુમન) ૨) સર્વથી ઉત્તમ અશોઈ (અષવહીસ્ત). ૩) ખલ્કની પાદશાહી (ક્ષથ્ર વર્ઇર્ય) ૪) ચોખાઈ અને ભકતી (આરમઇતી). ૫) તમામયત (હઉર્વતાત) અને ૬) અમરગી (અમેરેતાત). ગાથાનો "અષવહીસ્ત" તે કાંઇ "અરદીબેહેસ્ત" નહીં. પાછલા ધર્મગુરૂઓ અને માજીઓ એમ અર્થ ઠોકી બેસાડે તે કાંઇ સાબેતી નહીં કહેવાય. તે બારે ગાંઠ પુરા અને પક્કા

ઠગારા માજીઓએ જર્થોશતી ધર્મગુરૂઓ તરીકે પોતાને ખોટી રીતે ખપાવી "વહીસ્ત" ને મગનો "બેહેશ્ત" બોલ રાખી મુકયો પણ પોતાની મતલબ સારવા થકી અપ કે જે અહુરમઝદનું ગાથામાં વપરાયલું એક સેફાતી નામ કે જેનો અર્થ "અશોઇ" થાય છે તેને "આતશ" માં યાને "અર્દ" શબ્દમાં બદલી નાંખ્યો.

થોડોક વખત વહેવા બાદ જે ધર્મ સામે જર્થોસ્તે બાઠ બીડી હતી અને જે દેવતાઓની આરાધનાથી ભરપુર ધર્મને તેણે વખોડી કહાડયો હતો, તે દેવતાઈ આરાધનાના ધર્મ તરફ એરયનોનું દીલ પાછું દોડયું, કારણકે જર્થોસ્તનાં ઉત્કૃષ્ટ લખાણોની ખુબી તેઓ સમજી શકયા નહીં અને પોતાનો મજહબ સાદો હોવાથી તેઓ તે આગળા ધર્મની ક્રિયાની ભભુક અને ગ્સેહથી અંજાઈ જઇને તેઓએ હોરમઝદની ઉપર મેં જણાવેલી બખશેશોને તેની જુદી જુદી ખાશીયતો તરીકે નહીં ગણતાં તદન જુદા જુદા દેવતાઓ તરીકે કલ્પયા અને સાત અમશાસ્પંદોનો ખ્યાલ દોડાવીને તેમને હોરમઝદના હમશરીકો અને હમનશીનો તરીકે ગોઠવી દેઈ "હપ્તંધ યષ્ટ" યાને ઈજસ્નેના ૩૫) થી ૪૨) મા હા સુધીની રચના કીધી. અને આ પ્રમાણે જર્થોસ્તી મજહબને ખરાબીનો સડો પેહેલવેહેલો આ સાત અમેશાસ્પંદોના ખ્યાલથી લાગુ પડયો., અને પાછું અસલી ઇરાની દેવતામંડળ સજીવન થયું. પવિત્ર જર્થોસ્તે મહા રંજ ખેંચીને અને ઘણી મુશકેલ મેહેનત ઉઠાવીને જે ધર્મ જાહેર કીધો હતો તેમાં આ પ્રમાણે ખરાબીનાં પેહેલવેહેલાં બી વવાયાં. તે મહાન નરનાં મરણ બાદ થોડોજ વખત તેનો ધર્મ અસલી ખાલેસ હાલતમાં તેની શીખવણી મુજબ ચાલ્યો પણ ત્યાર પછી તેમાં બીગાડો દાખલ થવાનું શરૂ થયુ,પણ હજુ બલ્ખમાં એક ઈરાની ટોળો વરતો હતો કે જે અસલ શુધ્ધ ધર્મનેજ વળગી રહયો હતો તેણે જયારે પોતાના મજહબની બરબાદી થતી દીઠી ત્યારે પોકાર ઉઠાવ્યો કે એક ખુદાના સાત ખુદા કેમ થયા? ત્યારે પેલા ધુતારા માજી ધર્મગુરૂઓએ તેમને એ સઘળા એક છે એવું બતાવવાની ફરવરદીન યસ્તમાં કોશેશ કીધી કે જેવી કોશેશ કેટલાક મીશનરીઓ Trinity ને Unity માં ખપાવવા કરે છે. અગર જો ખુદાની બંદગી

સાથ યઝદ અમશાસ્પંદો જેવી કોઇ શકતીઓની મદદ ચાહીએ અને તેમને આપણી અને ખુદાની વચે બંદગીના પૈગામ લેઇ જનાર તેમજ આપણી તરફથી અહુરમઝદને અરજ કરનાર અને વચ્ચે પડનાર ગણુયે તો કાલે કોઈ એમબી કહેવા નીકળશે કે ખુદાને તો મેહેતા મુનશીબી જોઇયે ?

તમારા "દેલસુઝ" જણાવે છે કે "ખુરશેદ નીઆએશ વગેરે બીજા અવસ્તામાં એમ જણાવવામાં આવ્યું છે કે જુદા જુદા ઇજદોની આરાધના કરવી અથવા વખાણ ગાવી, તે જાણે અહુરમઝદની પોતાની વખાણ ગાવા બરાબર છે અને તે તેથી ખુશી થાય છે."

પણ એવાં લખાણો કોણનાં છે ? એતો પાછળથી માજીઓએ લખ્યુ છે. એ તો તેઓએ પોતાને પસંદ પડતા દેવતાઓની આરાધના જર્થોસ્તી ધર્મમાં દાખલ કરવાને બાજી રચી છે.

સેવટે હું જણાઉં છું કે જર્થોસ્તી પાદશાહોપર એ લખનારે કશા પણ "હુમલા" કીધાજ નથી. ખરી વાત તો એ છે કે એ ગ્રહસ્થપર એવું ખોટું આળ મુકનારે એ ચોપાન્યું બરાબર વાંચ્યુંજ નથી. એ વીદ્વાન ગ્રહસ્થે જેમી કાંઇ લખ્યું છે તે પેલા માજી ધર્મગુરૂઓએ કુરશ અને કેખુશરો બાબે હાથે કરીને કરેલી ભેલમમેલા બાબે છે. અને એમાનો પેહલો તેમનાં મક્કર, ફરેબ અને ધુતમધાતમની વીરૂદ્ધ હોવાથી તેમજ તેની ગાદીએ આવનાર તેનાજ જેવા એક બીજા શેહેનશાહે—દાર્યવુશે—માજીઓની ચલાવેલી ભારે કતલને લીધે "એકિમીનીશ" નાં ખાનદાનના કેટલાક શખસો કે જેઓ રાજ ભોગવી ગયા તેમનાં નામો તેમનાં શુરાતન ભરેલાં સહાસ કર્મો સહિત તવારીખમાંથી ઉરાડી મુકયાં છે તે બાબે ઇશારો કીધો છે. મી૦ "દેલસુઝ" એટલુબી જોઈ નથી શકયા કે "કુરશ" ને જર્થોસ્ત પછી એકે લાંબી મુદતે થઇ ગયલો એ ચોપાન્યું લખનાર ગ્રહસ્થ જણાવે છે. બીજા કમ્બાઇસીસ યાને કયુજયનો બેટો યુનાનીઓથી "સાઇરસ" ને નામે પોતાની તખ્તીઓમાં "કુરૂ" ને નામે, અને કેટલાકોથી "કેખશરૂ" ને નામે પણ ઓળખાય છે. જોકે એમાંના છેલ્લા

કાંઈ એને પેલા કહેવાતા "કેખશરૂ" કે જેને વેદમાં "સુશ્રવ" અને તે વેદ વાળાઓને રાજી રાખવા અર્થે ઊભા થયલા પાછલા અવસ્તમાં "હુસ્રવ' ને નામે ઓળખે છે તેની સાથ ભેળી નાંખતા નથી.

દુઆગો સેવક,

પદમ સો. મ. ગોદરેજ.

(અખબારે સોદાગર. તા૦ ૧૧ મી એપ્રીલ. ૧૯૦૦)

"મુંબઇ સમાચાર" અને મી૦ પદમ સો. મ. જોશી.

અખબારે સોદાગરના અધીપતી જોગ–

સાહેબ.

જત "મુંબઇ સમાચાર" પર મેં એક ચરચાપત્ર પ્રગટ કરવા માટે મોકલ્યું હતું પણ તેને દશ ઉપર દીવસ થઇ જવા છતાં તે પત્રના ધણીએ હજુ પ્રગટ કર્યું નથી. માટે આશા છે જે તમો જેવા એક સ્વતંત્ર અધીપતી મને ગેરઇનસાફ થતો અટકાવવા માટે તે ચરચાપત્ર પ્રગટ કરવાની મહેરબાની કરશોજી. આ સાથ તેની એક નકલ બીડવાની રજા લેઉં છું.

દુઆગો સેવક,

પદમ સો. મ. જોશી.

ઉર્ફે ગોદરેજ.

મુંબઈ સમાચારના અધીપતી જોગ–

સાહેબ,

જત તમારાં ગઇ તા૦ ૩૧ મીનાં પત્રમાં મારૂં ચરચાપત્ર પ્રગટ થયું છે. અને તેજ અંકમાં મી૦ "દેલસુઝે" મને જવાબ આપવાની જે કોશેશ કીધી છે તે બાબે લખતાં જણાઉં છું જે મારાં પત્ર વિરૂદ્ધ થયલાં લખાણનો અર્ધોઅર્ધ ભાગ ગેરવાજબી વિશેષણો અને ટીકાઓથી ભરપુર છે. એક વખત ભુલ બાંજવા છતાં વળી મી૦ "દેલસુઝ" લોકોને ભમાવવા લખે છે કે "અશો જર્થોસ્તના વીદ્વાન શાગ્રેદો... ઉપર બહુજ નઠારો હુમલો કરવામાં આવ્યો છે મેં જરથોસ્ત સાહેબના પોતીકા ચેલાઓ બાબે મારાં લખાણમાં ઘણુંજ માન દર્શાવ્યું છે તે છતાં મી૦ "દેલસુઝ" ફરી એવું ભુલાવો ખવાડનારૂં લખવાની હીમ્મત ચલાવે છે. વળી અધીપતી સાહેબ, મારાં લખાણપર તમારાં મગજમાંથી ઉપજાવી કહાડેલું ગેરવાજબી વિશેષણોથી ભરપુર મથાળું જે તમોએ કીધું છે તે મને ગેરઇનસાફ કરનારૂં છે. મેં જેમ મી૦ "દેલસુઝ" લખે છે તેમ "ફરેષઓસત્ર" લખ્યું નથી. મારાં હાથનાં લખાણમાં તેમજ છાપામાં વટીક તે "ફ્રેરષઓસત્ર" બોલ છપાયો છે, કે જે મેં ગેલ્દનરવાળા* તેકસ્તને આધારેજ લખ્યો છે. ફલાના બોલની જોડણી

* અવસ્તા, પેહેલવી, પાઝંદ, લૅટીન, સંસ્કૃત, વગેરે પુરાણી ભાષાઓમાં પુરેપાહવરદો હોવાની હુકમાઈ લેનાર એ પત્રવાલો દા. ગેલ્દનરવાળા તેકસ્તથી તો બેખબર છે ત્યારે એને અવસ્તા ભાષાના અભ્યાસી તરીકે કોણ કબુલ કરશે?

"ઝંદ, પેહેલવી પાઝંદ, લૅટીન" ભાષાઓનું એના જેવુંજ જ્ઞાન ધરાવનારા શખ્શો સિવાય બીજા કોઈ તો ખચીત કબુલ નહીંજ રાખે ભાષાઓ તો શું પણ જરથોસ્તી મજહબને લગતી સાધારણ બાબદો જેવીકે અનાહીત, હોમ, મેહેરે વગેરે યઝદોની પરસ્તેશ ની તવારીખથી વટીક એ પત્રવાલો કેટલો બેનસીબ છે તે એનાં લખાણોપરથી ખુલ્લો ખુલ્લું જણાઇ આવે છે.

ખોટી કીધી અને પેલો બોલ આવી તેવી રીતે લખ્યો એ કાંઈ લખનારની તકરાર તોડેલી કહેવાયજ નહીં. જ્યારે મી૦ "દેલસુઝે" પોતેજ એવી શરૂઆત કીધી છે તો હું પણ જણાવીશ કે તા૦ ૧૭ મીના અંકમાં એવણે ફારસી શબ્દ "શાગેર્દ" ને બદલે સાગેર્દ લખ્યો હતો. વળી એવણનાં આગલાં એક લખાણમાં "Herodotus" નો ઉચ્ચાર એવણે "હૅરોડોટસ" કીધેલો છે. આ ઉપરાંત ઘણાં નામોની એવણે કીધેલી ખોટી જોડણીની એક ટીપ એવણનાં લખાણોમાંથી આપવા બેશું તો કાગળના કાગળ ભરાય પણ તે પરથી કંઈ હું એવણની માફક ફલાની બાબતનું જ્ઞાન છાલકું છે ને પેલી બાબદનું જ્ઞાન મુદલ દીસતુંજ નથી એવું જણાવી મારાં લખાણનું ભરત્યું કરવાની કોશેશ નહીં કરૂં. મારાં લખાણમાંના કેટલાક શબ્દો બરાબર છપાયા નથી, દાખલા તરીકે "પહેલી પરગરદ" ને બદલે "પહેલવી પરગરદ" છપાયું છે. "મગ" અને "મગવ" શબ્દો બાબે મી૦ "દેલસુઝે" કરેલો ઘોટાળો મેં જાહેર કરી આપ્યો તેની એવણને જબરી ઝાંજ ચહડેલી દીસે છે કારણ કે તેના ફફડાટમાં મારાપર અંગત ટીકાનો વરસાદ વરસાવયો છે. "માજી" લોકોને માટે ગાથામાં જે ફકરો આવે છે તે પાછળથી ઘુસી ગયલો છે એમ હું નથી કહેતો પણ જે વીદ્વાનો એમ કહે છે તેઓનું નામ દેઈનેજ મે જણાવ્યું છે. એકબારગી એ વીદ્વાનોનું કહેવું દુરૂસત નહીંમા હોય તોયે કયા નીવેડાપર આવી શકાય છે તે મેં ત્યાર પછીનાં વાકયોમાં બતાવી આપ્યું છે. મી૦ "દેલસુઝે" તા૦ ૧૭ મીના અંકમાં જે ગાથાનો ફકરો ટાંકયો છે, તેનો અર્થ પોતાની મરજી મુજબ કરવા માટે અસલ ફકરાના બોલોને મંડીમોચડી નાખ્યા છે. અને ચોક્કસ પ્રત્યો ઉડારી મુકયા છે, તે બાબે મેં જે લખ્યું છે, તેનો જવાબ આપવાના અખાડા થયા છે. ચોપાન્યું લખનાર ગ્રહસ્થને મી૦ "દેલસુઝે" "થીઓસોફીસત" તરીકે ઠોકી બેસાડયા તે મેં બતાવી આપેલી ભુલ એવણે પોતાની ચુપકીદીથી બહાલ રાખેલી છે. વળી એ ચોપાન્યું લખનાર ગ્રહસ્થ વિષે મી૦ "દેલસુઝે" તે ચોપાન્યું ઉપર ટપકેથી વાંચી જે અનુમાન નીપજાવ્યાં હતાં તે બાબે મારા કીધેલા ખુલાસાપર એવણ ઢાંકપીછોડો કરે છે. તેમજ હોમને માટે

મેં જે લખ્યું છે તેને ખોટું પાડવાની લેશભાર પણ કોશેશ થઇ નથી. અરદ્વીસુર બાએ લખતાં હોમને માટે એથી ત્રણ વગર અર્થના શબ્દો લખી મી૦ "દેલસુઝે" જાણે તકરારનો નીવેડો કેવીમેક બહાદુરીથી આણ્યો હોય એવો દેખાવ કરવાની કીધેલી કોશેશ ખુલ્લેખુલ્લી નજરે પડે છે.

અરદ્વીસુર અનાહીત જેવી દેવી કોઇ પણ પ્રજામાં જરથોસ્તના યા તેની આગમજના વખતમાં કલ્પાયલી હતીજ નહી, ત્યારે જરથોસ્ત તેની આરાધના કેવી રીતે શકે અને હોરમઝદ તે વખતે જરથોશતને નેક રાહે ચલાવવા માટે અરદ્વીસુર પાસથી મુરાદ કેમ માંગે? વળી જો એ દેવી જરથોસ્તની આગમજના ઇરાનીઓમાં કલ્પાઇ હતે તો તેનું નામ હીંદુ ધર્મ પુસ્તકોમાં હોવું જોઇએ. આવી રીતની દલીલ મે મારા પત્રમાં રજુ કીધેલી છે. પણ તે બાએ મી૦ "દેલસુઝે" ચુપકીદી પકડી છે. કહેવાની કશી જરૂર નથી કે આવી મારી અનેક બાબદોનું ખરાપણું એવણ પોતીકી ચુપકીદીથી સ્વિકારે છે.

આવાં યષ્ટમાં આવતું અરદવીસુરનું વર્ણન જે મેં મારાં ગયાં પત્રમાં આપ્યું છે તેમાંનાં ફકત એકજ વાક્યનો અર્થ કંઇ વિચીત્ર ઢબનો મી૦ "દેલસુઝ" ઉભો કરે છે, અને બાકીનાં તમામ વર્ણનને માટે ચુપકીદી અખત્યાર કીધી છે. અરદ્વીસુરનો પોશાક "બીવર" જાનવરનાં ૩૦ ત્રીશ ચામડાંનો બનાવેલો છે. વળી તેણીએ "અતક" નામનુ સોનેરી દેખાવાનું વસ્ત્ર પહેર્યું છે. તેણીની ગાડી પર વાવટો ઉડે છે, તેણીના કાનમાં ઝુલતી ચોરસ બાલી લટકાવેલી છે, બંને પગોમાં ગુઠણ જેટલાં ઉંચાં મોજાં પેહેર્યાં છે તથા કમ્મરે એવી રીતે પટો બાંધ્યો છે કે તેણીની છાતી આગળ ખાલી નીકળી છે. * એ સઘળાંનો જવાબ કેમ નથી આપ્યો? જવારે મી૦ "દેલસુઝ" ના કહેવા મુજબ અલંકાર સમજવામાં હું પાછળ છું તો મી૦ "દેલસુઝ"જ કાંય નહી એ અલંકાર સમજાવતા? ઇરાનીઓ અરદ્વીસુરની મુરતી બનાવતા હતા તેમાં તેમના જરથોસ્તી હોવાનો દાંડો રાખનાર શેહેનશાહોનો હાથ વદીક સામેલ હતો, તે બાબદ પણ મી૦ "દેલસુઝે" પડતી નાખી છે.

---

* જુઓ ૧૧ માં પાનાંપરની ફુતનોત.

અહુરમઝદને અરદ્વીસુરપર જે સરદારી આપી છે તે ફકરો મેં ૮૫ મો કહ્યો છે એવું જે મી૦ "દેલસુઝ" જણાવે છે તે તદન ભુલ ભરેલું છે. એ તો તા૦ ૧૭ મીના અંકમાં એવણુ પોતેજ ભુલથી લખે છે અને મેં તો એવણુના બોલ ફકત ઉતારી લીધા છે. જો એ મારી ભુલ હતે તો મી૦ "દેલસુઝ" કંઇ મુગા બેસતે કે? અરે ત્યારે તો એવણુ વાવટે વાવટા ઉડારતે અને જે ગમે તે મોંમાંવ્યું બોલતે. નજરચુકથી એકુ ફકરાનો આંક જુદો ધ્યાનમાં રહીને લખાઇ જાય તે બાબે હું તો ઉદાર મન બતાવી શકું પણુ મી૦ "દેલસુઝ" એવી બાબદોમાં કઇ રૂઢી અખ્ત્યાર કરે છે તેથી કોઇ પણુ અંજાણું નથી.

નામદાર મહારાણી ગમે એટલાં પદવીમાં મોટાં, ભલાં, દયાળુ અને ખાનદાની હોય પણુ તેથી કાંઇ તેવણુ સાથ તે તમામ જેહાનના પિતા અશો અહુરમઝદને સરખાવી નહી શકાશે. એવી જે સરખામણી મી૦ "દેલસુઝે". કીધીછે તે ઘણીજ હસી કહાડવાજોગ છે. મી૦ "દેલસુઝ" મને મગુઓ સામે "વેર" બાંધી બેઠેલો લખે છે, પણુ તેઓએ કીધેલાં કામો અને તેમનાં લખાણો સામે વાજબી રીતે પોકાર ઉઠાવબો તે કાંઇ "વેર" કહેવાય નહીં. આવું આવું કેટલુંક લખી મારી સામે લોકોને ઉશ્કેરવા અને મારી વિરૂદ્ધ લાગણી ઊત્પંન કરવા એવણે પોતાનાં લખાણુમાં ઘણી કોશેશ કીધેલી માલમ પડે છે. મી૦ "દેલસુઝે" પોતાનાં લખાણુમાં મને દામદામ "કલ્પીત વાતો ઊભી કરનાર" અને "બેખબર" વગેરે શબ્દોની ઉપમા આપી છે, કે જે કોશેશ એક સાચ્યા, શુદ્ધ અને સ્વતંત્ર લેખકને કદી છાજેજ નહી કેટલેક ઠેકાણે મારી ચોક્કસ દલીલો ખોટી છે એમ એવણુ જણાવે છે પણુ કાંય ખોટી છે અને કયાં કારણોસર ખોટી છે, એમ એવણે જણાવ્યુંજ નથી.

અવસ્તા, પહેલવી, પાઝંદ, લૅટીન, અંગ્રેજી વગેરે ભાષાઓનું જ્યારે એવણુનામાંજ બધું ગ્નાન ભરેલું છે—કે જેવી હુકમઈ એવણુ આડકતરી રીતે પોતાનાં લખાણુમાં લે છે—તો મરહુમ પ્રોફેસર "દારમેસ્તેતર" પર ગયે વરસે તમારા લખનારે જે હુમલો કીધો હતો અને એટલે સુધી જણાવવાની હીમ્મત લીધી હતી કે "દારમેસ્તેતરે"

બીજી વાર વંદીદાદનો જે તરજુમો રજુ કર્યો હતો તે કંઇજ નહીં પણ હાર્લેના ફ્રેંચમાં થયલા તરજુમાની નકલ માત્ર હતી (!) તેનો "મુંબઇ ગેઝેટે" જે રદીયો અપયો હતો અને એવણને "એક અજ્ઞાન દેશી લખનાર" ની ઊપમા આપી હતી, તેનો જવાબ ભાષાઓ અને જરથોસ્તી સાહિત્યનાં જ્ઞાનનાં બળે આપવાના એવણે શા કારણસર અખાડા કીધા? હું ફરીથી જાહેર કરૂંછું કે પાછલા અવસ્તા જોડનારાઓ અશો જરથોસ્તની અવ્વલ શીખવણી અને તેની ખરી ખાહેશ અને નિર્મળ નેમથી વિરૂદ્ધ અને ઊલટાં લખાણો કરી ગયા છે. ડા૦ મીલ્સ ગાથાને અને પાછલા અવસ્તાને સરખાવતાં કહે છે કે:—

In the Gathas all is sober and real... .... Grehma and Bendva, the Karpans, the Kavis and the Usigs, are no mythical monsters. No dragon threatens the settlements, and no fabulous beings defend them. Zarathushtra, Gamaspa... ..are as real, and are alluded to with simplicity as unconscious as any characters in history. Except inspiration there are also no miracles. All the action is made up of the exertions and passions of living and suffering men. **Let the Zendist study the Gathas well, and then let him turn to the Yasts or the Vendided; he will go from the land of reality to the land of fable. He sees in the one a toiling prophet, to meet in the other a phantastic demi-god**

"ગાથા સિવાયના અવસતા પહેલવી દસતુરોએ ઉભા કરયા હતા," એમ મેં લખ્યુંજ નથી. મારાં બે તદ્દન જુદાં વાકયોને ભેગી નાંખયાં છે એટલુંજ નહીં પણ "પાછલા જમાનાના દસ્તુરો" એટલે કયા કયા ધર્મગુરૂઓ તેટલું વટીક એવણ સમજતા લાગતા નથી. "પાછલા જમાનાના દસ્તુરો" એટલે ફકત પેહેલવીજ દસ્તુરો નહીં, પણ એસીર-

યન, મીદયન, હખામની, પાર્થીઅન અને સાસાની જમાનાના દસ્તુરો એવો અર્થ ખુલ્લેખુલ્લો થાય છે.

સેવટે વાંચનારી આલમને મારૂં તા૦ ૩૧ મીના અંકમાં પ્રગટ થયલું પત્ર, મારે માટે વપરાયલા હલકા શબ્દો પર કશું પણ ધ્યાન દીધા વિના, ખુલ્લાં મને ફરીથી વાંચી, મી૦ "દેલસુઝે" આપેલા પોકલ જવાબ સાથ બરાબર સરખાવવાની અરજ કરૂં છું.

દુઆગો સેવક,

પદમ સો. મ. જોશી. ઉર્ફે ગોદરેઝ.

"પાછલા અવસ્તા પેહેલવી દસ્તુરોએ ઉભા કીધા હતા" એવું લખાણુ મેં કીધુંજ નથી તે છતાં "મુંબઈ સમાચાર" વાલો મેં એ વાકય લખ્યો છે એમ જણાવી તેપર લંબાણ નુકતેચીની કરે છે. વળી ગેલ્દનર વાલા તેકસ્તથી પોતે અવસ્તાના અભ્યાસી હોવાનું ડોલ ઘાલવા છતાં તે બેખબર છે એવું મારાં લખાણમાં આગળ સીદ્ધ થઈ ચુકું છું. "ફ્રેરષઓશ્ત્ર" અને "કવા વિશ્તાસ્પ" નામો માટે તેણે ચલાવેલી મુજાહેમત કેટલી તકલીદી છે તે મેં બતાવી આપ્યું છે. * પોતાને જે બાબદોની માહીતી નહીં તેપર અભિપ્રાય આપવા નીકળવું એના જેવું બેવકુફીભર્યું બીજું શું હોય? વળી નામદાર મહારાણીને એ પત્રવાલો સર્વ શકિતવાન દાદાર અહુરમઝદ સાથ સરખાવે છે. આવી સરખામણી તરફ એક સાધારણ સમજ શકિતનો શખ્શ પણ બેશક તિરસ્કારથી જોય. કોઈ પણ ઈનસાનને યા તેના સખુનોને દાદાર અહુરમઝદ યા તે સાહેબનાં ફર્માનો સાથ સરખાવી શકાશેજ નહીં. માનવંત માયાળુ મહારાણીજી વિજયી વિકટોરયાની સ્તુતિ થયલી સાંભળી કયા શખ્શને

---

* હખામની વંશના શહેનશાહો "કુરૂશ" અને "દાર્યવુશ" નાં નામો ખરૂં જોતાં તો "કુરૂ" અને "દાર્યવુ" છે અને "શ" અક્ષર તો બીજી અને ત્રીજી વિભકિત બતાવે છે. આ વિભકિતના પ્રત્યયો સાથેજ એ નામો બોલાય છે અને લખાય છે, તેજ માફક હખામની ભાષાને જન્મ આપનાર અવસ્તા ભાષામાંના વિશ્તાસ્પનાં નામ આગળ જે "કવા" એલકાબ મુકાય છે તે પણ વિભકિત સાથેજ વપરાયલો છે.

ખુશાલી નહીં ઉપજશે ? પણ શું મહારાણી પોતેજ કોઈ શખ્શ તેમને ખુદા સાથ સરખાવે તો તેનું બોલવું માની લેશે ? બેશ્ચીત નહીંજ: તે નામદાર તે શખ્શનાં મગજની તપાસ કરવાને દાકતરોની જ્યુરી નેમવાનો હુકમ ફરમાવશે.

આવી કેટલીક તદ્દન નકામી બાબદોપર એ પત્રવાલાએ ભરત્યાં કરી પોતાનાં લખાણુને વાંચનારાઓની નજરમાં લંબાણુ અને ધરખમ દેખાડવાની કોશેશ કીધી છે.

બરાબર ગણી જોતાં મને મોટી અજાયબી વચ્ચે માલમ પડયું કે બે કોલમ જેટલી જગા તો ફકત ઉપલી ત્રણ બાબદો—કે જેનો ફડગો હું કરી ચુકો છું—તેમાંજ તેણે રોકી છે.

પોતાનું પત્ર હોવાથી તે પોતાની નાક રાખવાને સારૂ ગમેતે ખરૂં ખોટું લખેછે. બીજા ખરા લખનારાઓનાં વાજબી અવાજને દાબી દેવાની એ પત્રવાલાની કોશેશ ઘણીજ ધીક્કારને પાત્ર છે. જો એ તદન બહારના શખ્શો કોઈ પત્રમાં વાદવિવાદ ચલાવશે તો જેની તકરાર આખરે ખોટી માલમ પડશે તેનું ચર્ચાપત્ર પ્રગટ કરી અધીપતી હેઠળ શેરો મારશે કે ફલાના ભાઈએ તમારી તકરારનું ખંડન કર્યુ છે માટે હવે તમો અમરથું લખતા બંધ પડો તો સારૂં: પણ આ બાબદમાં તો ખુદ એક પત્રવાલા સાથેજ મને તકરારનાં મેદાનમાં ઉતરવું પડયું છે.

એક હથ્યારથી સજ થયલો સીપાહી શસ્ત્ર વગરના સીપાહી પર હુમલો કરે તો તે જેટલું નીચ અને હીચકારૂં કામ ગણાય તેમ એક મતલબી પત્રવાલાનું પોતાના હાથમાં તેનાં પત્રની કોલમોનો અખ્ત્યાર હોવાથી બીજા વગર પત્રવાલાઓના અવાજને દાબી દેવાનું પ્રયત્ન પણ તેટલુંજ નીચ અને હીચકારૂં ગણાય. વાચનારા સાહેબો ! એક પત્રવાલાનાં આવાં કામને અધમમાં અધમં ગેરઇનસાફ સિવાય બીજા કયા નામથી તમો ઓલખશો !

સમાપ્ત.